
# આભાર ગુજરાત : નરેન્દ્ર મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને ગુજરાતની જનતાનો આભાર માન્યો : ધન્યવાદ ગુજરાત, અભૂતપૂર્વ ચૂંટણી પરિણામો જોઈને હું ભાવનાઓથી અભિભૂત છુ : પીએમ મોદી

નવી દિલ્હી,તા.૮

ગુજરાત અને હિમાચલ વિધાનસભા ચૂંટણીના પરિણામ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. પીએમ મોદીએ ગુજરાતમાં ભાજપની રેકોર્ડ જીત પર કહ્યું- 'ધન્યવાદ ગુજરાત. અભૂતપૂર્વ ચૂંટણી પરિણામો જોઈને હું ભાવનાઓથી અભિભૂત છું. લોકોએ વિકાસની રાજનીતિને આશીર્વાદ આપ્યા સાથે ઈચ્છા વ્યક્ત કરી છે કે આ ગતિ વધુ ઝડપે ચાલતી રહે. હું ગુજરાતની જન શક્તિને નમન કરુ છું.'પીએમ મોદીએ હિમાચલની જનતાનો પણ આભાર માન્યો છે. તેમણે કહ્યું, 'હું હિમાચલ પ્રદેશની જનતાને ભાજપ પ્રત્યે સ્નેહ અને સમર્થન માટે ધન્યવાદ આપુ છું. અમે આવનારા સમયમાં રાજ્યની આકાંક્ષાઓ પૂરી કરવા અને લોકોના મુદ્દાને ઉઠાવવા માટે કામ કરતા રહીશું.'

ગુજરાતમાં ભાજપ ઈતિહાસ રચીને સત્તામાં વાપસી કરી રહ્યું છે. ચૂંટણી પંચના આંકડા પ્રમાણે ભાજપે ૧૮૨ વિધાનસભા સીટમાંથી ૧૨૬ સીટ જીતી લીધી છે અને ૩૦ સીટ પર આગળ ચાલી રહ્યું છે.



કોંગ્રેસનું ગુજરાતના ચૂંટણી ઈતિહાસમાં સૌથી ખરાબ પ્રદર્શન રહ્યું છે. કોંગ્રેસને વિપક્ષનો દરજ્જો મળે એટલી સીટો પણ મળી રહી નથી. કોંગ્રેસ ૧૭ સીટો પર આગળ ચાલી રહી છે. તો આમ આદમી પાર્ટીને માત્ર પાંચ સીટ મળી રહી છે. ભાજપની ભવ્ય જીતની કમલમમાં ભવ્ય ઉજવણી કરવામા આવી રહી છે. જીત બાદ કમલમમાં પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી. સીઆર પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એકબીજાને મીઠાઈ ખવડાવીને મોઢા મીઠા કરાવ્યા હતા. ૧૨ ડિસેમ્બરના રોજ અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે નવી સરકારની શપથવિધિ સમારોહની જાહેરાત કરાઈ છે. ગુજરાતમાં ભાજપના ભવ્ય જીતના પરચમ લહેરાવનાર સીઆર પાટીલે જાહેરાત કરી કે, ૧૨ ડિસેમ્બરે, સોમવારે ગાંધીનગરમાં બપોરે ૨ વાગે હેલિપેડ ગ્રાઉન્ડ પર શપથવિધિ સમારોહ યોજાશે. પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ શપથવિધિ સમારોહમાં હાજર રહેશે. ૧૨મીએ ભૂપેન્દ્ર પટેલ જ મુખ્યમંત્રી પદના શપથ લેશે.







જીતનો જશ્ન - કમલમ્ ખાતે ભાજપના પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી, પદાધિકારીઓ અને હજારો કાર્યકરોએ જીતનો જશ્ન મનાવ્યો હતો... ભાજપનું માઈક્રો પ્લાનીંગ, આક્રમક પ્રચાર અને કર્મઠ કાર્યકરોનો પરિશ્રમ રંગ લાવ્યો... ભારત માતાકી જય અને વંદે માતરમ્ના જયઘોષથી વાતાવરણ ગાજી ઉઠ્યું હતું...

# ગુજરાતમાં ભાજપની સુનામી

## ૧૦ ઉમેદવારો ૧ લાખ તો ૪૦ ઉમેદવારોની ૫૦ હજારથી વધુ મતે જીત : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧ લાખ ૯૨ હજાર ૨૬૩ મત સાથે વિજય મેળવ્યો છે

અમદાવાદ,તા.૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઈતિહાસ રચી દીધો છે. આજે આવેલા ચૂંટણી પરિણામમાં ભારતીય જનતા પાર્ટીએ રેકોર્ડબ્રેક વિજય મેળવ્યો છે. ભાજપે ૧૯૮૫માં માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસે જીતેલી ૧૪૯ સીટનો રેકોર્ડ ભાજપે તોડી નાખ્યો છે. ભારતીય જનતા પાર્ટી ૧૫૬ સીટ જીતીને સત્તામાં વાપસી કરી રહી છે. તો આમ આદમી પાર્ટીને ૫ અને કોંગ્રેસને ૧૭ સીટો મળી રહી છે. આ ચૂંટણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા બેઠક પરથી સૌથી મોટી લીડ સાથે જીત મેળવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧ લાખ ૯૨ હજાર ૨૬૩ મત સાથે વિજય મેળવ્યો છે.

ગુજરાતમાં ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ભાજપના ૧૦ ઉમેદવારોએ ૧ લાખથી વધુ મત સાથે વિજય મેળવ્યો છે. રાજ્યમાં સૌથી મોટી જીત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળી છે. ભૂપેન્દ્ર પટેલે સૌથી વધુ ૧,૯૨,૨૬૩ મત સાથે જીત મેળવી છે. તો સુરતની ચોર્યાસી સીટ પરથી સંદીપ દેસાઈ, મજુરાથી હર્ષ સંઘવી, ઓલપાડથી મુકેશ પટેલ, રાજકોટ પશ્ચિમથી ડો. દર્શિતા શાહ, કાલોલથી ફતેસિંહ ચૌહાણ, એલિસબ્રિજથી અમિત શાહ, સુરત પૂર્વથી પૂર્ણેશ મોદી, વલસાડથી ભરત પટેલ અને માંજલપુરથી યોગેશ પટેલે એક લાખથી વધુ મતે જીત મેળવી છે.

### ભાજપના ૧૦ ઉમેદવારો ૧ લાખથી પણ વધુ મતની સરસાઈ

| | | |
|---|---|---|
| (૦૧) | મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ | -૧,૯૨,૨૬૩ લીડ |
| (૦૨) | ચોર્યાસી- સંદિપ દેસાઈ | -૧,૮૧,૮૪૬ લીડ |
| (૦૩) | મજુરા- હર્ષ સંઘવી | -૧,૧૬,૬૭૫ લીડ |
| (૦૪) | ઓલપાડ- મુકેશ પટેલ | -૧,૧૫,૧૩૬ લીડ |
| (૦૫) | રાજકોટ પશ્ચિમ-ડો. દર્શિતા શાહ | - ૧,૦૫,૯૭૫ લીડ |
| (૦૬) | કાલોલ- ફતેસિંહ ચૌહાણ | - ૧,૦૫.૪૧૦ લીડ |
| (૦૭) | એલિસબ્રીજ- અમિત શાહ | -૧,૦૪,૪૯૬ લીડ |
| (૦૮) | સુરત પુર્વ- પૂર્ણેશ મોદી | - ૧,૦૪,૩૧૨ લીડ |
| (૦૯) | વલસાડ- ભરત પટેલ | - ૧,૦૩,૭૭૬ લીડ |
| (૧૦) | માંજલપુર- યોગેશ પટેલ | - ૧,૦૦,૭૫૪ લીડ |

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો જલવો જોવા મળ્યો છે. ભાજપના ૪૦ ઉમેદવારો તો ૫૦ હજાર કરતા વધુ મતે જીત્યા છે. એટલે કે ભાજપે વિપક્ષી પાર્ટીઓના સુપડા સાફ કરી નાખ્યા છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના અનેક ઉમેદવારોની ડિપોઝિટ પણ ડુલ થઈ ગઈ છે.

અકોટા, અસારવા, બાલાસિનોર, બારડોલી, ભરૂચ, ભાવનગર પુર્વ, ભાવનગર ગ્રામ્ય, ભુજ, દસ્ક્રોઈ, ગણદેવી, નડીયાદ, નારણપુરા, નરોડા, નવસારી, નિકોલ, પારડી, પ્રાંતિજ, રાજકોટ દક્ષિણ, જલાલપોર, જામનગર ઉત્તર, જામનગર દક્ષિણ, જેતપુર, કામરેજ, કતારગામ, લીંબાયત, માંગરોળ(સુરત), મણીનગર, મોરબી, રાવપુરા, સાબરમતી, સયાજીગંજ, ઠક્કરબાપાનગર, ઠાસરા, ઉધના, ઉમરગામ, ઊંઝા, વડોદરા શહેર, વટવા, વેજલપુર, વીરમગામ, વઢવાણ સીટ પર ભાજપના ઉમેદવારો ૫૦ હજારથી વધુ મતે જીત્યા છે.

# નવા મંત્રીઓને આવકારવા માટે તૈયારીઓ પૂરજોશમાં

## સ્વર્ણિમ સંકુલમાં કરવામાં આવી સાફ-સફાઈ : મંત્રીઓને આવકારવા માટે સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં પૂરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે

ગાંધીનગર, તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની મતદાન પ્રક્રિયા બે તબક્કામાં શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ હતી. હવે ગુજરાતમાં નવી સરકાર રચાશે અને નવા મંત્રીમંડળની જાહેરાત થશે. જૂના મંત્રીઓએ પોતાની કેબિનો ખાલી કરી દીધી હતી. મતગણતરીના આગલા દિવસે એટલે ૭ તારીખે સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં પૂરજોશમાં સાફ-સફાઈ થતી જોવા મળી હતી. સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં મંત્રીઓને ઓફિસો આવેલી છે ત્યારે અહીં સ્ટાફ દ્વારા પૂર્વ મંત્રીઓના ડ્રોઅર અને કબાટો સાફ કરવામાં આવ્યા હતા. ફાઈલો બેગમાં પેક કરી દેવાઈ હતી, કાગળોના ફાડીને નાના ટુકડા કરવામાં તેમજ પૂર્વ મંત્રીઓની તસવીરો હટાવી દેવામાં આવી હતી જેથી નવા માટે જગ્યા થઈ શકે. મોટાભાગના મંત્રીઓએ મહત્વની ફાઈલો ચૂંટણી પહેલા જ વ્યવસ્થિત મૂકાવી દીધી હતી તેમ છતાં બુધવારે કેટલીક ફાઈલો ખસેડવામાં આવી હતી.

નવેમ્બરના પહેલા અઠવાડિયાથી જ શાંત પડેલી બિલ્ડિંગ્સમાં બુધવારે ભારે ચહલપહલ જોવા મળી હતી. એક મંત્રીના કેબિનની બહાર ઊભા રહીએ તો બંધ બારણાની પાછળ સાફ-સફાઈનો અવાજ આવી રહ્યો હતો. દરેક મંત્રી પાસે પોતાના નામ-સરનામાવાળી કેટલીય સ્ટેશનરી અને લેટરપેડ હતા. આ બધી જ વસ્તુઓ ચેમ્બરમાંથી બહાર કાઢી લેવાઈ છે, તેમ સચિવાલયમાં આ બધી બાબતોનું ધ્યાન રાખતા કર્મચારીએ જણાવ્યું હતું. મોટાભાગની ચેમ્બરોમાં દેવી-દેવતાઓની તસવીરો હતી જેને જેમની તેમ રાખવામાં આવી હતી. દિવાલો પરથી પણ બાકીની તસવીરો હટાવી લેવાઈ હતી જેથી નવા આવનારા મંત્રીઓ પોતાની પસંદગીના ફોટોઝ ત્યાં લગાવી શકે.

"પદધારી મંત્રીઓને દિવાલો પર ઘણી તસવીરો લગાવવી ગમતી હતી. જોકે, હાલ તે તમામ હટાવી લેવાઈ છે", તેમ એક કેબિનેટ મંત્રીના પર્સનલ સેક્રેટરીએ જણાવ્યું. ઓફિસરે વધુમાં જણાવ્યું કે, હવે આગામી પગલું ત્રણ અઠવાડિયાથી બંધ પડેલી ઓફિસોની વ્યવસ્થિત સફાઈ કરવાનું છે. "મંત્રીઓના નામની જાહેરાત થાય તે પછી અમે ઓફિસોને ફૂલોથી સજાવીશું", તેમ તેમણે વધુમાં ઉમેર્યું.

# હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસનો વિજય : ભાજપે સત્તા ગુમાવી

## રાહુલે હિમાચલમાં કોંગ્રેસની જીતનો શ્રેય લોકોને આપ્યો : રાજ્યની ૬૮માંથી ૪૦ બેઠકો પર કોંગ્રેસનો વિજય, ભાજપના ફાળે ૨૫ અને અન્યોનો ત્રણ બેઠકમાં વિજય

શિમલા, તા.૮

હિમાચલ પ્રદેશની ૬૮ વિધાનસભા બેઠકો પર મતગણતરી ચાલી રહી છે. ચૂંટણી પંચે ઘણી બેઠકોના પરિણામો જાહેર કરી દીધા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર હિમાચલ પ્રદેશમાં ભાજપે ૨૫ સીટો જીતી છે. તે જ સમયે, કોંગ્રેસે ૪૦ બેઠકો જીતી છે, જ્યારે અપક્ષ ઉમેદવારે તમામ ત્રણ બેઠકો પર જીત મેળવી છે. તે જ સમયે, હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે રાજ્યપાલને પોતાનું રાજીનામું સોંપ્યું છે. તેમણે કહ્યું કે મેં મારું રાજીનામું રાજ્યપાલને સોંપ્યું છે. અમે લોકોના વિકાસ માટે કામ કરવાનું ક્યારેય બંધ કરીશું નહીં અને અમારી હારની સમીક્ષા કરીશું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને હિમાચલની જનતાનો આભાર માન્યો છે. તેમણે લખ્યું કે હું હિમાચલ પ્રદેશના લોકોનો ભાજપને આપવામાં આવેલા સ્નેહ અને સમર્થન માટે આભાર માનું છું. અમે રાજ્યની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને આવનારા સમયમાં લોકોના પ્રશ્નો ઉઠાવવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસની જીત પર લોકોને અભિનંદન પાઠવ્યા છે. તેણે ટ્વીટ કરીને લખ્યું કે આ નિર્ણાયક જીત માટે હિમાચલ પ્રદેશના લોકોનો હૃદયપૂર્વક આભાર. કોંગ્રેસના તમામ કાર્યકરો અને આગેવાનોને હાર્દિક અભિનંદન. તમારી મહેનત અને સમર્પણ ખરેખર આ જીત માટે શુભેચ્છાઓને પાત્ર છે. હું ફરીથી ખાતરી આપું છું કે, જનતાને આપેલા દરેક વચનને વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હિમાચલ પ્રદેશ ચૂંટણી ૨૦૨૨ની જીત પર કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા.

હિમાચલ પ્રદેશમાં મળેલી હાર પર જયરામ ઠાકુરે કહ્યું કે હું અત્યારે ટિપ્પણી કરવા માંગતો નથી. જ્યાં અછત છે તેનું મૂલ્યાંકન કરીશું. ઘણી વખત એવું બને છે કે એક-બે મુદ્દાને કારણે ચૂંટણીના પ્રવાહને અસર થાય છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે રાજ્યપાલને રાજીનામું સોંપી દીધું છે. રાજભવનમાંથી બહાર નીકળ્યા બાદ તેમણે મીડિયાને કહ્યું કે મેં મારું રાજીનામું રાજ્યપાલને સોંપી દીધું છે.

### ભગવો લહેરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરસાઈ મેળવી હતી. જે છેક સુધી જાળવી રાખી હતી.

માણસા બેઠક પર પણ ભાજપના જે.એસ. પટેલે પહેલા રાઉન્ડથી જ સરસાઈ મેળવી હતી અને તે સતત વધતી રહી હતી.

ગાંધીનગર (દ) બેઠક પર પણ ભાજપના અલ્પેશ ઠાકોરે કોંગ્રેસના ડૉ. હિમાંશુ પટેલ પર પ્રથમ રાઉન્ડથી જ સરસાઈ મેળવી હતી અને તે છેક સુધી જાળવી રાખી હતી.

કલોલમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કસોકસનો જંગ ખેલાયો હતો. ક્યારેક બળદેવજી તો ક્યારેક ભાજપના લક્ષ્મણસિંહ સરસાઈ મેળવતા હતા તેથી આ જંગ રસાકસીભર્યો બન્યો હતો પરંતુ વીસમા રાઉન્ડમાં ભાજપના બકાજી ઠાકોરે દસ હજારથી વધુ સરસાઈ પ્રાપ્ત કરી હતી પછી તેમની લીડ ઘટવા લાગી હતી. અને તે ૬ હજાર જેટલી જ રહી હતી.

જિલ્લામાં કલોલ બેઠકની ગણતરીએ રાજકીય ઉત્તેજનાઓ વધારી હતી.જિલ્લામાં પાંચેય બેઠક પર ભાજપના ઐતિહાસિક વિજયને જિલ્લા ભાજપના આગેવાનોએ વધાવ્યો હતો અને તેમણે આ ઐતિહાસિક વિજયના માર્ગ ચીંધનાર કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તેમજ પ્રદેશ આગેવાનોનો આભાર માન્યો હતો.

### વધુ લીડ સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હર્ષ સંઘવી ૧,૧૬,૬૭૫ મત, ઓલપાડના મુકેશભાઈ પટેલ ૧,૧૫,૧૩૬ મત, રાજકોટ પશ્ચિમ બેઠકના ડૉ. દર્શિતા શાહ ૧,૦૫,૯૭૫, કાલોલના ફતેસિંહ ચૌહાણ ૧,૦૫,૪૧૦, એલિસબ્રીજના અમિત શાહ ૧,૦૪,૪૯૬, સુરત પૂર્વના પૂર્ણેશભાઈ મોદી ૧,૦૪,૩૧૨, વલસાડના ભરતભાઈ પટેલ ૧,૦૩,૭૭૬ અને માંજલપુરના યોગેશભાઈ પટેલ ૧,૦૦,૭૫૪ લીડ સાથે જીત્યા છે.

આ ઉપરાંત ભાજપે કુલ ૪૧ સીટો પર ૫૦ હજારથી વધુ વોટથી જીત હાંસલ કરી છે. આ સીટોમાં અકોટા, અસારવા, બાલાસિનોર, બારડોલી, ભરૂચ, ભાવનગર પૂર્વ, ભાવનગર ગ્રામ્ય, ભુજ, દસ્ક્રોઈ, ગણદેવી, નડીયાદ, નારણપુરા, નરોડા, નવસારી, નિકોલ, પારડી, પ્રાંતિજ, રાજકોટ દક્ષિણ, જલાલપોર, જામનગર ઉત્તર, જામનગર દક્ષિણ, જેતપુર, કામરેજ, કતારગામ, લીંબાયત, માંગરોળ (સુરત), મણીનગર, મોરબી, રાવપુરા, સાબરમતી, સયાજીગંજ, ઠક્કરબાપાનગર, ઠાસરા, ઉધના, ઉમરગામ, ઊંઝા, વડોદરા શહેર, વટવા, વેજલપુર, વિરમગામ અને વઢવાણનો સમાવેશ થાય છે.

### ઠંડીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે અગાઉ ઠંડીનો પારો ૧૦.૩ ડીગ્રી સુધી નીચે ઉતરતા અત્યાર સુધી મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નજીવી ચઢ ઉતર જોવા મળી રહી છે. પરંતુ આજે ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં અંશત : વધારો થયો હતો જો કે બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે હવે ઠંડીનુ જોર વધશે. તેમ પણ મનાઈ રહ્યુ છે. છેલ્લા બે દિવસથી આકાશમાં હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમનો મિજાજ બદલાયો હતો. જો કે હજુ દિવસનુ તાપમાન ૩૦.૧ ડીગ્રી છે. ત્યારે દિવસે હળવી ગરમી અનુભવતા નગરજનો વહેલી સવારે અને સાંજે ઠંડીનો અહેસાસ કરે છે. એકબાજુ વાદળિયા વાતાવરણના અંતે હવામાન તજજ્ઞોએ પ્રારંભિક શિયાળે માવઠુ થવાની સંભાવના પણ વ્યકત કરી છે.

### ભાજપની સૂનામી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સી આર પાટીલના મેનેજમેન્ટના કારણે ભાજપ જીત મેળવવામાં સફળ રહ્યો છે. આ ચૂંટણીમાં જે ચર્ચામાં રહ્યા હતા તેવા હાર્દિક પટેલ વિરમગામથી, અલ્પેશ ઠાકોર ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી અને જિજ્ઞેશ મેવાણી વડગામ બેઠક પરથી ચૂંટણી જીતી ગયા છે. જોકે, જિજ્ઞેશ મેવાણીને ભારે રસાકસી બાદ જીત મળી છે. પાટીદારોના ગઢ કહેવાતા સુરતમાં પણ ભાજપે બધાના સૂપડાં સાફ કરી નાખ્યા છે. અહીં આમ આદમી પાર્ટી ગાબડું પાડી દેશે તેવું મનાતું હતું, પરંતુ અહીં બધી બેઠકો પર ભાજપનો કબજો થઈ ગયો છે.